અગ્રતા ક્રમ ૧૧

વિભાગ:- મહેસૂલ વિભાગ

તારાંકિત પ્રશ્ન :- ૧૫/૪/૧૪૫૧

૧૫ મી ગુજરાત વિધાનસભા ચોથું સત્ર

વિધાનસભા ગૃહમાં જવાબ આપવાની તારીખઃ ૨૦/૦૨/૨૦૨૪

(બીજી બેઠક)

પ્રશ્નનું શિર્ષક:- બનાસકાંઠા જિલ્લામાં બિનખેતી માટેની પરવાનગી માંગતી અરજીઓ.

પ્રશ્ન પૂછનાર માન.ધારાસભ્યશ્રીનું નામ અને તેમનો મત વિસ્તાર :-

શ્રી પ્રવિણકુમાર ગોરધનજી માળી (ડીસા)

અનુક્રમણિકા

	વિગત	મુખ્ય પેજ
મૂળ પ્રશ્ન	વિધાનસભાએ વિભાગને પુછેલ પ્રશ્ન	
જવાબ	વિભાગે વિધાનસભાને કરેલ જવાબ	
	હાર્દ/સરકારશ્રીની નીતિ	
		પેટા પ્રશ્ન પૂછનાર માન.ધારાસભ્યશ્રીનું નામ
પેટા પ્રશ્ન–૧	બિનખેતી પરવાનગી માટે ઓનલાઈન અરજી કરવાના ફાયદાઓ શું છે?	શ્રી પ્રવિણકુમાર માળી (ડીસા)
પેટા પ્રશ્ન–૨	બિનખેતી પરવાનગી આપવા માટે ઓનલાઈન અરજીમાં કેટલી ફી નિયત કરવામાં આવેલ છે ?	શ્રી પ્રવિણકુમાર માળી (ડીસા)
પેટા પ્રશ્ન–૩	બિનખેતી પરવાનગી આપવાની સત્તાઓ કયા અધિકારીશ્રીને સુપ્રત કરવામાં આવેલ છે ?	શ્રી અનિકેત ઠાકર (પાલનપુર)
પેટા પ્રશ્ન–૪	રીન્યુએબલ એનર્જી માટેના પ્રોજેક્ટોના હેતુ માટે હંગામી બિનખેતી પરવાનગી આપવાના અધિકાર કયા અધિકારીશ્રીને સુપ્રત કરવામાં આવેલ છે ?	શ્રી અનિકેત ઠાકર (પાલનપુર)
પેટા પ્રશ્ન–૫	બિનખેતી પરવાનગી મળ્યા બાદ સબંધિત ખાતેદારશ્રીએ કેટલી સમયમર્યાદામાં બાંધકામ કરવાનુ થાય છે ?	શ્રી લવિંગજી ઠાકોર (રાધનપુર)
પેટા પ્રશ્ન–૬	જો બિનખેતીની અરજી નામંજુર થાય તો પછી અરજદાર પાસે અન્ય શું વિકલ્પો ઉપલબ્ધ રહે છે?	શ્રી લવિંગજી ઠાકોર (રાધનપુર)
	પુરક નોંધ	

વિધાનસભાએ વિભાગને પુછેલ પ્રશ્નઃ

<u>તારાંકિત પ્રશ્ન</u> <u>ક્રમાંકઃ પ્ર/</u>

ગુજરાત વિધાનસભા સચિવાલય

તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ 15/4/1451

વિષયઃ

બનાસકાંઠા જિલ્લામાં બિનખેતી માટેની પરવાનગી માંગતી અરજીઓ

સૂચના મળ્યાની તારીખઃ	વિભાગે ઓનલાઈન જવાબ મોકલાવવાની છેલ્લી તારીખ	પ્રશ્ન દાખલ કર્યાની તારીખ
16/01/2024	14/02/2024	01/02/2024

*15/4/1451 શ્રી પ્રવિણકુમાર ગોરધનજી માળી(ડીસા)

મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન જણાવવા કૃપા કરશે કેઃ-

માનનીય **મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં બિનખેતી માટેની પરવાનગી માંગતી કેટલી અરજીઓ મળેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર જમીનની બિનખેતી માટેની કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને કેટલી નામંજૂર કરવામાં આવી, અને

(૩) આવી અરજીઓ નામંજૂર કરવાના કારણો શા છે?

મુખ્ય પેજ પર જાઓ.

વિભાગે વિધાનસભાને કરેલ જવાબ

બનાસકાંઠા જિલ્લામાં બિનખેતી માટેની પરવાનગી માંગતી અરજીઓ બાબત

***૧૫/૪/૧૪૫૧ શ્રી પ્રવિણકુમાર ગોરધનજી માળી (ડીસા): માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે:-**

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં બિનખેતી માટેની પરવાનગી માંગતી કેટલી અરજીઓ મળેલ છે,	(૧)	કુલ ૩૧૧૬
(૨)	ઉક્ત સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર જમીનની બિનખેતી માટેની કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને કેટલી નામંજૂર કરવામાં આવી, અને	(૨)	અરજીઓ / વર્ષ ૨૦૨૨ / વર્ષ ૨૦૨૩ મંજૂર / ૭૧૭ / ૧૦૧૮ નામંજૂર / ૧૮ / ૦૮ જે દર્શાવતું પત્રક સામેલ છે.
(૩)	આવી અરજીઓ નામંજૂર કરવાના કારણો શા છે?	(૩)	ઉક્ત બિનખેતી અરજીઓ જમીનના ક્ષેત્રફળમાં વિસંગતતા, ખેડુત ખાતેદારની ખરાઇ ન થવી, જમીનના ટાઇટલને લગતા પ્રશ્નો, વિ. જેવા કારણોસર નામંજૂર કરવામાં આવેલ છે.

Nested table in answer (૨):

અરજીઓ	વર્ષ ૨૦૨૨	વર્ષ ૨૦૨૩
મંજૂર	૭૧૭	૧૦૧૮
નામંજૂર	૧૮	૦૮

મુખ્ય પેજ પર જાઓ.

હાર્દ: સરકારશ્રીની નીતિ

ઓનલાઇન ટેકનોલોજીના માધ્યમથી અરજદારોને પડતી મુશ્કેલીઓના નિવારણ માટે મહેસૂલ વિભાગના તા.૧૨/૧૨/૨૦૧૮ના પરિપત્ર દ્વારા બિનખેતી પરવાનગી સબંધિત કાર્યપધ્ધતિ સમગ્ર રાજ્યમાં ઓનલાઇન કરવામાં આવેલ છે. આ પરિપત્રથી ઓનલાઇન અરજી, સ્વઘોષણાપત્ર, પ્રક્રિયા ફી, પુર્વ ચકાસણીની કામગીરી,ઓનલાઇન અભિપ્રાય, મહેસૂલી ટાઇટલની ચકાસણી તથા ઓનલાઇન પેમેન્ટ સબંધિત જોગવાઇઓ કરવામાં આવેલ છે.

બિનખેતી પરવાનગીની સમગ્ર પ્રક્રિયા ૯૦ દિવસની વૈધાનિક મર્યાદામાં પુરી કરવાની રહે છે. અરજી ના-મંજૂર/દફતરે કરવાના કિસ્સામાં લેખિતમાં ઓનલાઇન જાણ કરવાની રહે છે. બિનખેતી પરવાનગીની મંજૂરીના કિસ્સામાં નિયમાનુસાર નાણા ભરપાઇ કરવાની જાણ અરજદારશ્રીને ઓનલાઇન ઇ-મેલ/SMSથી કરવાની રહે છે. તદઅન્વયે અરજદારશ્રી દ્વારા આ નાણા દિન-૫૦માં ભરપાઇ કરવાના રહે છે. ટ્રેઝરી દ્વારા નાણા ભરપાઇ થયાની ખરાઇ થયેથી કલેકટરશ્રી દ્વારા વિધિસરનો હુકમ કરવાનો રહે છે.

મહેસૂલ વિભાગના પરિપત્રથી સુધારો કરવામાં આવેલ છે કે, એકવાર દફતરે કરેલ અરજીના કિસ્સામાં અરજદારશ્રી દ્વારા એકજ ઇ-મેઇલ/ મોબાઇલ નંબર પરથી પુન: અરજી કરવામાં આવે ત્યારે પ્રોસેસ ફી ૦.૫૦ પ્રતિ ચો.મી. ને બદલે ૦.૧૦ પૈસા પ્રતિ ચો.મી. લેખે વસૂલવાના રહેશે.

મહેસૂલ વિભાગે નાગરિકોને તમામ મહેસૂલી સેવાઓ ઝડપી અને પારદર્શક રીતે મળે તેની કાળજી લીધેલ છે. આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈના 'ડિજિટલ ઈન્ડિયા' ના વિઝન મુજબ રાજ્યમાં મહેસૂલી સેવાઓને ઓનલાઈન, અદ્યતન તથા પારદર્શક બનાવવા અંગે ઉત્કૃષ્ટ કામગીરી મહેસૂલ વિભાગ દ્વારા કરવામાં આવી રહી છે.

બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બિનખેતી માટેની પરવાનગી માગતી બાબતની કુલ–૩૧૧૬ ઓનલાઈન અરજીઓ મળેલ છે જેની વિગતો નીચે મુજબ છે.

મળેલી અરજીઓ	મંજુર અરજી	ના–મંજુર અરજી
૩૧૧૬	૧૭૩૫	૨૬

ઉક્ત બીનખેતી અરજીઓ જમીનના ક્ષેત્રફળમાં વિસંગતતા, ખેડૂત ખાતેદારની ખરાઇ ન થવી, જમીનના ટાઇટલને લગતા પ્રશ્નો વિગેરે જેવા કારણોસર ના મંજૂર કરવામાં આવેલ છે.

બિનખેતી પરવાનગી બાબત બ્રીફ નોંધ

ગુજરાત જમીન મહેસુલ સંહિતા,૧૮૭૯ અંતર્ગત બિનખેતી પરવાનગીની કાર્યપધ્ધતિ મ.વિ.ના તા: ૦૧/૦૭/૨૦૦૮ ના પરિપત્રથી અમલી હતી. જે મુજબ બિનખેતી પરવાનગીની સક્ષમ સત્તા જિલ્લા/ તાલુકા પંચાયત તથા કલેક્ટરશ્રીઓને સોંપવામાં આવેલ હતી.જે મુજબ મહેસુલી ટાઇટલની ચકાસણી દિન-૨૧ માં પુર્ણ કરવાની જવાબદારી મહેસુલી અધિકારીઓની રહેતી હતી. બિનખેતી પરવાનગીની સમગ્ર પ્રક્રીયા ૯૦ દિવસની વૈધાનિક સમયમર્યાદામાં પુર્ણ કરવાની રહેતી.

ડીજીટલ ટેક્નોલોજીના માધ્યમથી અરજદારોને પડતી હાલાકી દૂર કરવાના આશયથી મ.વિ.ના તા: ૧૬/૦૮/૨૦૧૮ ના પરિપત્રથી પ્રાયોગિક ધોરણે તથા તા: ૧૨/૧૨/૨૦૧૮ના પરિપત્રથી સમગ્ર રાજ્યમાં ઓનલાઇન કરવામાં આવેલ છે.મ.વિ.ના તા: ૦૭/૧૨/૨૦૧૮ ના જાહેરનામાથી બિનખેતી પરવાનગીની સક્ષમ સત્તા વસતીના ધોરણે જિલ્લા કલેકટરશ્રીઓ/ નિવાસી અધિક કલેકટરશ્રીઓને એનાયત થયેલ છે.

મહેસૂલ વિભાગના તા: ૧૨/૧૨/૨૦૧૮ ના પરિપત્ર દ્વારા બિનખેતી પરવાનગી સંબંધિત કાર્યપધ્ધતિ સમગ્ર રાજ્યમાં ઓનલાઇન કરવામા આવેલ છે.જે વ્યવસ્થા હાલ સુપેરે કાર્યરત છે. આ પ્રક્રીયાને વધુ ઝડપી કરવા માટે પુર્વ ચકાસણી દરમિયાન નિમ્નલિખિત વિગતે અરજીના ગુણ દોષના આધારે પરવાનગીની સમય મર્યાદા સુચવવામાં આવે છે.

નિકાલ કરવાનો સુચિત સમય (અંદાજિત)	**ચકાસણીના મુદ્દા**
દિન-૩ થી ૧૦ (ગ્રીન ચેનલ)	નવી અને અવિભાજ્ય શરતની જમીન અંગે પ્રિમિયમ વસૂલ લેવામા આવેલ હોય, ગણોતધારાની કલમ-૪૩, ગણોતધારાની કલમ-૬૩ની મંજૂરી આપવામા આવેલ હોય, કોઈપણ કાયદા હેઠળ કેસ રજિસ્ટર્ડ ન થયેલ હોય અથવા કેસ નોંધાયેલ હોય પણ તેના નિર્ણયથી સરકારશ્રીના પક્ષે કોઇ નુકશાન થતુ ન હોય અથવા કાયદાનો ભંગ થતો ન હોય તેવા તથા શરતભંગ ન જણાતો હોય તેવા કિસ્સામાં
દિન ૧૫ થી ૪૫ (યલો ચેનલ)	જે કિસ્સામા કોઇ કેસના નિર્ણયથી સરકારશ્રીના પક્ષે નાણાકીય નુકશાન જણાય, કાયદા વિરુધ્ધનો કોઇ હુકમ નોંધાયેલ જણાય, કોઈ કોર્ટના મનાઇ હુકમ, વચગાળાના હુકમની વિગતો જણાય અથવા એવુ અભિપ્રેત થાય કે આ જમીનના સંદર્ભમા મહેસૂલી ટાઇટલ અને સંબંધિત અન્ય કાયદા હેઠળની કાર્યવાહી સંદર્ભે વધુ સઘન તપાસની જરૂર છે અથવા સત્તાપ્રકાર સ્પષ્ટ ન થતો હોય તેવા કિસ્સામા
દિન-૪૫ થી ૯૦ (રેડ ચેનલ)	જે જમીનના કિસ્સામા ચકાસણી દરમિયાન પ્રાથમિક દ્રષ્ટિએ અરજી હેઠળની જમીન સરકારી જમીન હોવા અંગેનુ નોંધપાત્ર કારણ જણાય-અથવા સંપાદિત થયેલ પૈકી અથવા ભુદાનની અથવા સિલિંગ ફાજલની અથવા તળાવ અથવા રસ્તા પૈકી અથવા કોઇ કાયદાનો સ્પષ્ટ ભંગ થયેલ છે તેમ જણાય અથવા પરવાનગી આપવાથી સરકારશ્રીના પક્ષે નાણાકીય નુકશાન થઇ શકે તેમ છે.

મુખ્ય પેજ પર જાઓ.

અગ્રતા ક્રમ : ૧૧

વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક:૧૫/૪/૧૪૫૧

બનાસકાંઠા જિલ્લામાં બિનખેતી માટેની પરવાનગી માંગતી અરજીઓ.

પેટા પ્રશ્ન પુછનાર માન.ધારાસભ્યશ્રીનું નામઃ શ્રી પ્રવીણકુમાર માળી (ડીસા)	
પ્રશ્ન ૧	બિનખેતી પરવાનગી માટે ઓનલાઇન અરજી કરવાના ફાયદાઓ શું છે?
જવાબ	બિનખેતી પરવાનગી ઓન-લાઇન થવાથી નીચે મુજબના ફાયદા થાય છે. ➢ ઓનલાઈન બિનખેતી થવાથી બિનખેતી કરાવનાર ઘેરબેઠા અરજી કરી શકે છે. ઓફિસો સુધી જવું પડતું નથી. જેથી સમયની બચત થાય છે. ➢ તમામ પ્રક્રિયા ફેસલેસ થયેલ છે. જેથી પ્રક્રિયા પારદર્શક અને ઝડપી બની છે. ➢ ચોક્કસ સમયમર્યાદામાં કામનો નિકાલ થાય છે. ➢ અરજી મંજૂર થયા બાદ નાણાં ભરવાની જાણ ઓન-લાઈન થાય છે અને સદર નાણાં પણ ઓન-લાઈન ભરપાઈ કરવાના હોવાથી અરજદારશ્રીને ઓફિસના કે બેંકના ધક્કા ખાવા પડતા નથી. ➢ બિનખેતી મંજુર થતાં અરજદારશ્રી દ્વારા ઓન-લાઇન નાણાં ભરપાઇ થતાં મંજૂરીનો હુકમ પણ ઓન-લાઇન ઓટોમેટીક મળી જાય છે જેથી કર્મચારીના કામનું ભારણ ઘટેલ છે તથા હુકમમાં પણ ક્ષતિ રહેવાની સંભાવના રહેતી નથી. ➢ પ્રક્રિયા ઓન-લાઈન થવાથી સંબંધિત કચેરીઓના અભિપ્રાય પણ ઓન-લાઈન આવે છે. જેથી સમયની પણ બચત થાય છે.

મુખ્ય પેજ પર જાઓ.

અગ્રતા ક્રમ : ૧૧

વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક:૧૫/૪/૧૪૫૧

બનાસકાંઠા જિલ્લામાં બિનખેતી માટેની પરવાનગી માંગતી અરજીઓ.

પેટા પ્રશ્ન પુછનાર માન.ધારાસભ્યશ્રીનું નામઃ શ્રી પ્રવીણકુમાર માળી (ડીસા)	
પ્રશ્ન ૨	બિનખેતી પરવાનગી આપવા માટે ઓનલાઈન અરજીમાં કેટલી ફી નિયત કરવામાં આવેલ છે ?
જવાબ	સરકારશ્રીના મહેસુલ વિભાગના તા.૧૨/૧૨/૨૦૧૮ ના પરિપત્રથી બિનખેતી પરવાનગીની માંગણી માટે પ્રતિ ચો.મી. ૦૦.૫૦ રૂ. ફી નક્કી કરવામાં આવેલ છે.

મુખ્ય પેજ પર જાઓ.

અગ્રતા ક્રમ : ૧૧

વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક:૧૫/૪/૧૪૫૧

બનાસકાંઠા જિલ્લામાં બિનખેતી માટેની પરવાનગી માંગતી અરજીઓ.

પેટા પ્રશ્ન પુછનાર માન.ધારાસભ્યશ્રીનું નામઃ **શ્રી અનિકેત ઠાકર (પાલનપુર)**	
પ્રશ્ન ૩	બિનખેતી પરવાનગી આપવાની સત્તાઓ કયા અધિકારીશ્રીને સુપ્રત કરવામાં આવેલ છે ?
જવાબ	સરકારશ્રીના મહેસુલ વિભાગના તા.૦૯/૦૧/૨૦૧૯ ના ઠરાવથી “સી” અને “ડી” કક્ષાની નગરપાલિકા તથા છેલ્લી વસ્તી ગણતરી મુજબ રાજ્યના ત્રણ હજારથી ઓછી વસ્તી ધરાવતા ગામ અને ૧ એકર સુધીની ક્ષેત્રફળ મર્યાદામાં નિવાસી અધિક કલેક્ટરશ્રીને બિનખેતી પરવાનગી આપવાની સત્તાઓ સુપ્રત કરવામાં આવેલ છે. તે સિવાય તમામ વિસ્તારોમાં કલેક્ટરશ્રીને સત્તાઓ સુપ્રત કરવામાં આવેલ છે.

મુખ્ય પેજ પર જાઓ.

અગ્રતા ક્રમ : ૧૧

વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક:૧૫/૪/૧૪૫૧

બનાસકાંઠા જિલ્લામાં બિનખેતી માટેની પરવાનગી માંગતી અરજીઓ.

પેટા પ્રશ્ન પુછનાર માન.ધારાસભ્યશ્રીનું નામઃ શ્રી અનિકેત ઠાકર (પાલનપુર)	
પ્રશ્ન ૪	રીન્યુએબલ એનર્જી માટેના પ્રોજેક્ટોના હેતુ માટે હંગામી બિનખેતી પરવાનગી આપવાના અધિકાર કયા અધિકારીશ્રીને સુપ્રત કરવામાં આવેલ છે ?
જવાબ	સરકારશ્રીના મહેસુલ વિભાગના તા. ૧૬/૧૦/૨૦૨૩ ના ઠરાવથી રીન્યુએબલ એનર્જી માટેના પ્રોજેક્ટોના હેતુ માટે હંગામી બિનખેતી પરવાનગી આપવાના અધિકાર પ્રાંત અધિકારીશ્રીને સુપ્રત કરવામાં આવેલ છે.

મુખ્ય પેજ પર જાઓ.

અગ્રતા ક્રમ : ૧૧

વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક:૧૫/૪/૧૪૫૧

બનાસકાંઠા જિલ્લામાં બિનખેતી માટેની પરવાનગી માંગતી અરજીઓ.

પેટા પ્રશ્ન પુછનાર માન.ધારાસભ્યશ્રીનું નામઃ શ્રી લવીંગજી ઠાકોર (રાધનપુર)	
પ્રશ્ન ૫	બિનખેતી પરવાનગી મળ્યા બાદ સબંધિત ખાતેદારશ્રીએ કેટલી સમયમર્યાદામાં બાંધકામ કરવાનુ થાય છે ?
જવાબ	એક વખત બિન કરાવ્યા પછી અરજદાર નિયત સમયમર્યાદામાં બાંધકામ ન કરી શકે તો તેઓએ મુદ્દત વધારો કરવા માટે ફરીથી સમગ્ર પ્રક્રિયા કરવી પડતી. અમારી સંવેદનશીલ સરકારે લોકોને પડતી આવી મુશ્કેલીઓ દૂર કરી તા. ૧૬/૦૬/૨૦૨૨ ના પરિપત્રથી બિનખેતી પરવાનગીના હુકમમાંથી બાંધકામ અંગેની સમયમર્યાદા દુર કરવામાં આવેલ છે, એટલે કે એક વખત બિનખેતી કરાવ્યા બાદ અરજદાર પોતાની અનુકુળતા મુજબ બાંધકામ કરી શકે છે.

મુખ્ય પેજ પર જાઓ.

અગ્રતા ક્રમ : ૧૧

વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક:૧૫/૪/૧૪૫૧

બનાસકાંઠા જિલ્લામાં બિનખેતી માટેની પરવાનગી માંગતી અરજીઓ.

પેટા પ્રશ્ન પુછનાર માન.ધારાસભ્યશ્રીનું નામઃ **શ્રી લવીંગજી ઠાકોર (રાધનપુર)**	
પ્રશ્ન ૬	જો બિનખેતીની અરજી નામંજુર થાય તો પછી અરજદાર પાસે અન્ય શું વિકલ્પો ઉપલબ્ધ રહે છે?
જવાબ	• જો અરજદારની બીનખેતીની અરજી દફ્તરે થાય તો જે કારણોથી દફ્તરે થઇ હોય તેની પૂર્તતા કરીને અરજદાર પુન: અરજી કરી શકે છે. • જ્યારે અરજી નામંજૂર થઇ હોય તો અરજદાર સક્ષમ સચિવશ્રી પાસે અપિલ અરજી કરીને દાદ મેળવી શકે છે.

મુખ્ય પેજ પર જાઓ.

પુરક નોંધઃ

બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બિનખેતી માટેની પરવાનગી માગતી બાબતની કુલ–૩૧૧૬ ઓનલાઈન અરજીઓ મળેલ છે અને તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં કુલ ૧૭૩૫ અરજીઓ મંજુર કરવામાં આવેલ છે.

મળેલી અરજીઓ	મંજુર અરજી	ના–મંજુર અરજી
૩૧૧૬	૧૭૩૫	૨૬

IORA પોર્ટલ : ડિજિટલ ગુજરાતની દિશામાં મહેસૂલ વિભાગનું ક્રાંતિકારી કદમ

રાજ્યના નાગરિકોને ઘરે બેઠા સરળતાથી સેવાઓ પુરી પાડવા ડિજિટલ ગુજરાતની દિશામાં મહેસૂલ વિભાગે અનેક નક્કર કદમ ઉઠાવ્યા છે. રાજ્ય સરકાર દ્વારા ટેક્નોલોજીના ઉપયોગ થકી નાગરિકો કર્મચારી સાથે સીધા સંપર્ક વિના સેવાઓ મેળવી શકે તે માટે જનહિત લક્ષી વિવિધ મહેસૂલી સેવાઓને ઓનલાઈન કરી સરળ, ઝડપી અને પારદર્શી કરવામાં આવી છે. ખૂબજ ટુંકા ગાળામાં વિવિધ મહેસૂલી સેવાઓને iORA પોર્ટલ પર ઓનલાઈન કરી, સેવાઓનું ફેસલેસ પદ્ધતિથી અમલીકરણ થઈ રહ્યું છે. જેમાં હયાતીમાં હક્કદાખલ નોંધ, ડીજીટલી સીલ્ડ પ્રોપર્ટીકાર્ડની નકલ, ડીજીટલી સાઈન્ડ દસ્તાવેજની પ્રમાણિત નકલ, કલમ–૭૩એએ હેઠળ પરવાનગી, ખેડૂત ખરાઈ પ્રમાણપત્ર, વારસાઈ, જમીન માપણી, પ્રીમીયન તથા બિનખેતી પરવાનગી બાબતની વિવિધ સેવાઓ સામેલ છે.

સેન્ટ્રલ પી.એસ.ઓ. યુનિટ, સચિવાલય, ગાંધીનગર દ્વારા અરજીની પૂર્વ ચકાસણી કરી અરજી હેઠળની વિગતો અને મહેસૂલ રેકર્ડ ચકાસી અરજીને નીચે દર્શાવ્યા અનુસાર સમયમર્યાદામાં વર્ગીકૃત કરે છે.

ચેનલ	અરજી નિકાલ સમયમર્યાદા
ગ્રીન ચેનલ	૧૦ દિવસ
યલો ચેનલ	૪૫ દિવસ
રેડ ચેનલ	૯૦ દિવસ

મુખ્ય પેજ પર જાઓ.

તા. ૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતીએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં મળેલ બિનખેતી પરવાનગીની અરજીઓની વિગત દર્શાવતુ પત્રક

ક્રમ	તાલુકો	તા. ૦૧/૦૧/૨૦૨૨ થી તા. ૩૧/૧૨/૨૦૨૨				તા. ૦૧/૦૧/૨૦૨૩ થી તા. ૩૧/૧૨/૨૦૨૩				કુલ			
		મળેલ અરજી	મંજુર અરજી	નામંજુર	દફ્તરે	મળેલ અરજી	મંજુર અરજી	નામંજુર	દફ્તરે	મળેલ અરજી	મંજુર અરજી	નામંજુર	દફ્તરે
		કુલ				કુલ				કુલ			
૧	પાલનપુર	૩૦૪	૨૦૬	૫	૯૩	૫૨૩	૩૨૬	૧	૧૯૬	૮૨૭	૫૩૨	૬	૨૮૯
૨	ડીસા	૧૦૫	૫૬	૩	૪૬	૨૪૫	૧૨૧	૧	૧૨૩	૩૫૦	૧૭૭	૪	૧૬૯
૩	વડગામ	૧૨૧	૬૫	૦	૫૬	૧૯૪	૧૧૨	૩	૭૯	૩૧૫	૧૭૭	૩	૧૩૫
૪	દાંતા	૨૭	૧૨	૧	૧૪	૩૫	૧૪	૧	૨૦	૬૨	૨૬	૨	૩૪
૫	અમીરગઢ	૨૧	૧૦	૦	૧૧	૪૦	૧૯	૦	૨૧	૬૧	૨૯	૦	૩૨
૬	દાંતીવાડા	૫૭	૩૧	૦	૨૬	૫૬	૨૯	૦	૨૭	૧૧૩	૬૦	૦	૫૩
૭	ધાનેરા	૬૧	૪૩	૦	૧૮	૧૧૧	૬૪	૦	૪૭	૧૭૨	૧૦૭	૦	૬૫
૮	લાખણી	૧૯૮	૧૦૬	૧	૯૧	૧૪૮	૯૪	૦	૫૪	૩૪૬	૨૦૦	૧	૧૪૫
૯	થરાદ	૧૪૯	૮૨	૩	૬૪	૧૮૪	૧૧૪	૨	૬૮	૩૩૩	૧૯૬	૫	૧૩૨
૧૦	કાંકરેજ	૮૧	૩૫	૦	૪૬	૯૪	૩૩	૦	૬૧	૧૭૫	૬૮	૦	૧૦૭
૧૧	વાવ	૧૭	૮	૧	૮	૪૪	૨૧	૦	૨૩	૬૧	૨૯	૧	૩૧
૧૨	દિયોદર	૮૮	૪૦	૧	૪૭	૪૮	૩૧	૦	૧૭	૧૩૬	૭૧	૧	૬૪
૧૩	ભાભર	૪૯	૧૮	૩	૨૮	૬૧	૨૭	૦	૩૪	૧૧૦	૪૫	૩	૬૨
૧૪	સુઇગામ	૨૪	૫	૦	૧૯	૩૧	૧૩	૦	૧૮	૫૫	૧૮	૦	૩૭
કુલ		**૧૩૦૨**	**૭૧૭**	**૧૮**	**૫૬૭**	**૧૮૧૪**	**૧૦૧૮**	**૮**	**૭૮૮**	**૩૧૧૬**	**૧૭૩૫**	**૨૬**	**૧૩૫૫**

મુખ્ય પેજ પર જાઓ.